**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૮–૧૦–૨૦૦૭**

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા. ૮–૧૦–૨૦૦૭ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૮–૧૦–૨૦૦૭ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશભાઈ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | – ખાલી – | ––– |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | ગેરહાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | ગેરહાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

**૧.** સિન્ડિકેટ, તા. ૨૧–૬–૨૦૦૭ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની, તા. ૨૧–૬–૨૦૦૭ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવે છે.

**૨.** સિન્ડિકેટ, તા. ૨–૭–૨૦૦૭ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની, તા. ૨–૭–૨૦૦૭ની તાકીદની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવે છે.

**૩.** સિન્ડિકેટ, તા. ૩–૮–૨૦૦૭ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની, તા. ૩–૮–૨૦૦૭ની તાકીદની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવે છે.

**૪.** યુનિવર્સિટી પરીક્ષાના કામ વખતે અધ્યાપકો માંદીગીના કારણે રજા પર જાય કે પરીક્ષાનું કામ કરવાની અશક્તિ દર્શાવે ત્યારે તેમની પાસે સિવિલ સર્જન દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રનો આગ્રહ રાખવો અને તે રજૂ કરનારની રજા મંજૂર કરવા અને તેઓને પરીક્ષાના કામમાંથી મુક્તિ આપવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫–૫–૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ ૧૫૧થી નીચે મુજબ ઠરાવેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૫–૫–૨૦૦૭ની ભલામણ ક્રમાકઃ ૧૫૧**

" આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરીક્ષાના કામ વખતે અધ્યાપકો માંદગીના કારણે રજા પર જાય કે પરીક્ષાનું કામ કરવાની અશક્તિ દર્શાવે ત્યારે તેમની પાસે સિવિલ સર્જન ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રનો આગ્રહ રાખવો અને તે રજુ કરનારની રજા મંજુર કરવી અને તેઓને પરીક્ષા કામમાંથી મુક્તિ આપવી. "

:: આથી ઠરાવવામાં આવે છે કે, અકેડેમિક કાઉન્સિલની તા. ૫–૫–૨૦૦૭ની ભલામણ ક્રમાંકઃ ૧૫૧ નો સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આચાર્યશ્રીને લાગે તો વેરીફીકેશન માટે સિવિલ સર્જનનું કાઉન્ટર સહિ વાળું પ્રમાણપત્ર મંગાવવું.

(પરીક્ષા)

**૫.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧૭–૭–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.......

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૧૭–૭–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણ ક્રમાંકઃ ૦૧ (અ) અને ૦૧ (બ) સર્વાનુમત્તે, અને ભલામણ ક્રમાંકઃ ૦૨ અને ૦૩ બહુમતીએ **પરિશિષ્ટઃ ' ક '** માં આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ' ક ')**

**૬.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧૭–૮–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.......

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૧૭–૮–૨૦૦૭ની સભાની કાર્યવાહીની પાના નંબર– ૧૧ પરની નોંધ કાઢી નાંખવી તથા ભલામણ ક્રમાંકઃ ૦૧ (અ), ૦૧ (બ), ૦૧ (ક) અને ૦૧ (ડ) સર્વાનુમત્તે, અને ભલામણ ક્રમાંકઃ ૦૨, ૦૩, ૦૪, ૦૫ અને ૦૬ બહુમતીએ **પરિશિષ્ટઃ ' ખ '** માં આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ' ખ ')**

**૭.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧–૯–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.......

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૧–૯–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટઃ ' ગ '** માં આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ' ગ ')**

**૮.** સિન્ડિકેટ તા.૮/ ૯/ ૨૦૦૬ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૭ અન્વયે હેલ્થ સેન્ટર એડવાયઝરી કમિટીની તા.૧૮/ ૦૫/ ૨૦૦૭ના રોજ મળેલ સભાની કાર્યવાહી ઉપર વિચારણા કરવા બાબત.

(હેલ્થ સેન્ટર)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હેલ્થ સેન્ટર એડવાયઝરી કમિટીની તા. ૧૮/ ૦૫/ ૨૦૦૭ના રોજ મળેલ સભાની કાર્યવાહીની બાબત ક્રમાંક (૧) અને (૨) નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી અને બાબત ક્રમાંક (૩)ને નામંજૂર કરવી.

બાબત ક્રમાંક (૧) હેલ્થ સેંન્ટર એડવાયઝરી કમિટી, યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે પૂર્ણ સમયના નર્સની નિમણૂંક કોન્ટ્રાકટ બેઝીસ ઉપર ૪૦૦૦ – ૫૦૦૦ના પગાર ધોરણથી કરવી અને આગળની કાર્યવાહી માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

બાબત ક્રમાંક (૨) હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસરને જરૂરી દવાઓ કે, રૂા. ૫૦૦૦/– માસિક ની મર્યાદામાં જનરિક દવાઓ (જથ્થાબંધ ભાવે) ખરીદી કરવા અંગે મંજુરી આપવી.

(હેલ્થ સેન્ટર)

**૯.** શ્રી તાપી બહ્મચર્યાશ્રમ સભા, સુરત સંચાલિત ગ્રાન્ટ – ઈન – એઈડ શ્રી જે. બી. ધારૂકાવાળા આર્ટ્સ કોલેજ છે સંસ્થાના નિયામક મંડળની મીટીગમાં ઠરાવ પાસ કરીને સંસ્થાએ કોલેજનું જુનું નામ " ***શ્રી જે. બી. ધારૂકાવાળા આર્ટ્સ કોલેજ*** " બદલી નવું નામ " **શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ** " નકકી કર્યુ છે. તો નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટનાં પ્રમુખશ્રીનાં તા. ૧૦–૦૭–૦૭ના પત્રાંક : ૧૦૧/ ૨૦૦૭–૦૮ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી તાપી બહ્મચર્યાશ્રમ સભા, સુરત સંચાલિત ગ્રાન્ટ – ઈન – એઈડ શ્રી જે. બી. ધારૂકાવાળા આર્ટ્સ કોલેજનું જુનું નામ " **શ્રી જે. બી. ધારૂકાવાળા આર્ટ્સ કોલેજ** " બદલી નવું નામ " **શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ** " રાખવા માટેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

**૧૦.** અખંડ આનંદ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરત સંચાલિત ગ્રાન્ટ –ઈન– એઈડ અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ છે. સંસ્થાના નિયામક મંડળની મીટીંગમાં ઠરાવ પાસ કરીને સંસ્થાએ કોલેજનું જુનું નામ **"અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ"** બદલી નવું નામ **" શ્રીમતી સરયુબેન પોપટલાલ વ્યાસ આર્ટ્સ એન્ડ શ્રીમતી દયાકોરબેન વજેચંદ શાહ કોમર્સ કોલેજ"** રાખવાનું નકકી કર્યુ છે. તો નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટનાં પ્રમુખશ્રીના તા. ૧૪–૦૬–૦૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, અખંડ આનંદ વિદ્યાભવન સંસ્થાના ટ્રસ્ટીઓને મા. કુલપતિશ્રી સમક્ષ રૂબરૂ બોલાવવા અને સંસ્થા બાકીના નાણાં જે તે કર્મચારીને ચૂકવે ત્યાર બાદ જ નિયમોનુસાર ઘટતી કાર્યવાહી માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૧૧.** શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬થી સંલગ્ન કોલેજોના અનુસ્નાતકના રસાયણશાસ્ત્ર વિષયમાં હાયર પેમેન્ટની સીટ ફાળવવામાં આવી હતી. હાયર પેમેન્ટની મળતી રકમમાંથી પ્રાયોગીક સાધનો અને રસાયણો જ વસાવવા તેવો પરિપત્ર સંલગ્ન કોલેજોને પાઠવવામાં આવ્યો હતો. છેલ્લા ઘણા વર્ષોથી રસાયણ વિભાગના કાર્યભારમાં ૪૮ તાસનો અનુસ્નાક પ્રાયોગિક કાર્યભાર સરકારશ્રી તરફથી ગણતરીમાં લેવામાં આવતો નથી તદઉપરાંત વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યા ઉપર નવી ભરતી પણ થતી ન હોવાથી અનુસ્નાતક પ્રાયોગિક કારભાર માટે શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક (લેબ. આસિસ્ટન્ટ અને લેબ હમાલ) એડહોક સ્ટાફની નિમણૂંકનો પગાર ખર્ચ હાયર ફીની રકમમાંથી કરી શકાય તે અંગે અનુસ્નાતક કેન્દ્રના પી. જી. ઈનચાર્જશ્રીઓએ સંયુકત સહીથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બિન શૈક્ષણિક (લેબ. આસિસ્ટન્ટ અને લેબ હમાલ) એડહોક સ્ટાફની નિમણૂંકનો પગાર ખર્ચ હાયર ફીની રકમમાંથી કરવા માટેની મંજૂરી આપવી.

**૧૨.** સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપી, સુરતને " ધ ઈન્ડિયન એસોસીયેશન ઓફ ફિઝિયોથેરાપીનાં તા. ૨૬/૦૩/૨૦૦૭નાં પત્રથી વર્ષ : ૨૦૦૭ થી ૨૦૧૧ (પાંચ વર્ષ) માટે તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૫/૦૯/૨૦૦૬ નાં પત્ર થી, ૪૦ બેઠકોની પ્રવેશ ક્ષમતા માટેની મંજૂરી મળી હોઈ, સદરહું સંસ્થાનાં માનદ મંત્રીશ્રીનાં ૩૦ ઉપરાંત વધારાની ૧૦ બેઠકો એમ કુલ્લે ૪૦ બેઠકોની આપવા અંગેની વિનંતી કરતા તા. ૧૯/૦૭/૨૦૦૭ અને તા. ૨૭/૦૭/૨૦૦૭નાં પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપી, સુરતને " ધ ઈન્ડિયન એસોસીયેશન ઓફ ફિઝિયોથેરાપીનાં તા. ૨૬/૦૩/૨૦૦૭નાં પત્રથી વર્ષ : ૨૦૦૭ થી ૨૦૧૧ (પાંચ વર્ષ) માટે તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૫/૦૯/૨૦૦૬ નાં પત્ર થી, ૪૦ બેઠકોની પ્રવેશ ક્ષમતા માટેની મંજૂરી મળી હોઈ, સદરહું સંસ્થાનાં

માનદ્ મંત્રીશ્રીનાં ૩૦ ઉપરાંત વધારાની ૧૦ બેઠકો એમ કુલ્લે ૪૦ બેઠકોની આપવા અંગેની વિનંતી મંજૂર કરવી.

**૧૩.** સિન્ડિકેટની તા.૫–૩–૨૦૦૭ની સભામાં બાબત ક્રમાંક:૧૭ થી યુનિવર્સિટી સંલગ્ન ગુજરાત રાજયની સરકારી (આટર્સ, કોમર્સ અને સાયન્સ) કોલેજોમાં જી.પી.એસ.સી. દવારા સીધી નિમણૂંક પામેલા અથવા અન્ય યુનિવર્સિટીમાંથી અગાઉ છૂટા કરેલ અથવા બદલી થઈ પૂર્ણ સમયના એડહોક વ્યાખ્યાતાઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં સમાવવામાં આવે છે ત્યારે જે તે કોલેજો જે તે શિક્ષકોને માન્યતા આપવા માટે પત્રો અત્રે મોકલે છે.

વધુમાં આપણે ત્યાં નેટ/સેટ પરીક્ષા ૧૯૯૯ થી લાગું પાડેલ હતી. અન્ય યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાંથી આવેલ વ્યાખ્યાતાને આપવામાં આવેલી માન્યતાની નોંધ લઈ માન્યતા આપવામાં આવે છે. અન્ય યુનિવર્સિટીમાં નેટ/સેટ પરીક્ષા કયારે લાગું પાડવામાં આવી છે. તેની અત્રે જાણ ન હોય, ૧૯૯૯ પહેલા નિમણૂંક પામેલ ઉમેદવારોને નેટ/સેટ લાગું પાડવી કે કેમ? વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત અન્વયે સરકારશ્રીમાંથી અભિપ્રાય મંગાવવો અને ત્યારબાદ યુનિવર્સિટીના ધારા ધોરણો મુજબ કવોલીફાઈડ સ્ટાફની નિમણૂંક કરવી.

પ્રસ્તુત બાબતે સરકારશ્રીના તા.૩–૯–૨૦૦૭ ના પત્ર ક્રમાંક:જીસીઓ–૧૫૦૩–૧૪૭૯–ખ પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રવર્તમાન કેસોને માન્યતા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જી. પી. એસસી. દ્વારા સીધી ભરતી થતા અઘ્યાપકોને માન્યતા જે તે સમયે પ્રર્વતમાન નિયમો/ જોગવાઈ મુજબ માન્યતા આપવી. ઉપરાંત સરકારશ્રી દ્વારા થતી બદલીના કિસ્સામાં સરકારશ્રી દ્વારા નિમણૂંક પામેલ હોય તેને માટે માન્યતા આપવી.

**૧૪.** શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ, સુરત સંચાલિત ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરતમાં એમ.બી.એ. વિષયના વ્યાખ્યાતા તરીકે પસંદગી પામેલ ઉમેદવાર (૧) કુ. શિલ્પા સુડેન – પી.જી.ડી.બી.એમ. થયેલ છે, તેમનો ટોટલ ગ્રેડ પોઈન્ટ ૧૬૦.૦૫ (**3rd Rank**) છે. અને (૨) શ્રીમતી ટનુ નારંગ– સાઉથર્ન એડવેન્ટીસ્ટ યુનિવર્સિટી, યુ.એસ.એ.માંથી એમ.બી.એ. થયેલ છે. જેમને વ્યાખ્યાતા તરીકે માન્યતા આપવા પુનઃ વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ, સુરત સંચાલિત ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરતમાં એમ.બી.એ. વિષયના વ્યાખ્યાતા તરીકે પસંદગી પામેલ ઉમેદવાર (૧) કુ. શિલ્પા સુડેનને માન્યતા આપવી નહી અને (૨) શ્રીમતી ટનુ નારંગને માન્યતા આપવા માટેની આગળની કાર્યવાહી હાથ ધરવી.

**૧૫.** તક્ષશીલા કોલેજ, વડોદરાના ઈ.ચા. આચાર્યશ્રીએ તેમના તા. ૧૪–૦૮–૨૦૦૭ના પત્રથી, હવે પછી તમામ પત્ર વ્યવહાર નીચે જણાવેલ નવા સરનામા પર કરવા વિનંતી કરેલ છે. સદરહું સંસ્થાના ઉપરોકત પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

| **સંસ્થાનું જૂનું સરનામું** | **સંસ્થાનું નવું સરનામું** |
|---|---|
| તક્ષશીલા કોલેજ<br>નારાયણ કોમ્પલેક્ષ,<br>કારેલી બાગ પોસ્ટ ઓફિસ પાસે,<br>કારેલી બાગ, વડોદરા–૩૯૦ ૦૧૮ | તક્ષશીલા કોલેજ<br>પરાગરાજ સોસાયટી સામે,<br>હરણી વારસીયા રીંગ રોડ,<br>વડોદરા–૩૯૦ ૦૦૬ |

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, તક્ષશીલા કોલેજ, વડોદરાના ઈ.ચા. આચાર્યશ્રીએ તેમના તા. ૧૪–૦૮–૨૦૦૭ના પત્રથી, હવે પછી તમામ પત્ર વ્યવહાર નીચે જણાવેલ નવા સરનામા પર કરવા કરેલ વિનંતી મંજૂર કરવી.

**૧૬.** શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજના જોડાણ માટે કોઈ ટ્રસ્ટ/ મંડળ માંગણી કરે તો તેમની જોડાણઅરજી/ પત્રકો આપવા/ સ્વીકારવા કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈ. વર્ષ ૨૦૦૮–૨૦૦૯ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર સ્વનિર્ભર સંસ્થા/ કોલેજનું નવું જોડાણ કોઈને આપવું નહી અને નવા અરજીપત્રક આપવા/ સ્વીકારવા નહી. વધુમાં ગ્રાન્ટેડ અભ્યાસક્રમની કોઈ જોડાણ અરજી આવે તો તેને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

**૧૭.** યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોના નામ–સરનામ સહિતની યાદીની વિવિધ સંસ્થાઓ/ વ્યકિતઓ/ કંપનીઓ/ વિદ્યાર્થીઓ/ અન્ય દ્વારા વારંવાર માંગણી કરવામાં આવે છે. આ બંને યાદીઓનાં કુલ પાનાઓ આશરે ૨૪ (ચોવીસ) નકલમાં થાય છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની યાદી આપવા માટે કિંમત વસૂલ કરવી કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોના નામ–સરનામા સહિતની યાદી વિવિધ સંસ્થાઓ/ વ્યકિતઓ/ કંપનીઓ/ વિદ્યાર્થીઓ/ અન્યોને આપવા માટે કિંમત રૂા. ૫૦/– વસૂલ કરવી.

**૧૮.** સિન્ડિકેટ તા. ૩૦–૫–૨૦૦૭ની બાબત ક્રમાંક : (૯૮) અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામ હેઠળ હાલ ફરજ બજાવતાં વ્યાખ્યાતા (૧) ડો. હેમલતા અગ્રવાલ (૨) કુ. નમ્રતા ખત્રીની વિનંતી ગ્રાહ્ય રાખવી. જયારે કુ. સ્મૃતિ બલસારીની વિનંતી અંગે અલગથી વિચારણા માટે નોંધ મુકવી.

ઉપરોકત ઠરાવ અંતર્ગત ડીબીઆઈએમ સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામ હેઠળ હાલ ફરજ બજાવતાં વ્યાખ્યાતા (૧) ડો. હેમલતા અગ્રવાલ (૨) કુ. નમ્રતા ખત્રી અને (૩) કુ. સ્મૃતિ બલસારી આ જગા (સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામ હેઠળની જગા) પર તા. ૨૨–૮– ૨૦૦૬થી જોડાયા તે અગાઉ તેઓ હંગામી ધોરણે કરાર આધારિત લેકચરરની જગા પર પ્રતિ માસ રૂા. ૧૪.૦૦૦/–ના ફીકસ્ડ પગારથી તા. ૨૦–૫–૨૦૦૬ સુધી સત્રના અંત સુધી મળેલ મંજુરી મુજબ ફરજ બજાવી હતી. ત્યાર બાદ તા. ૨૬–૬–૨૦૦૬થી સત્ર શરૂ થયા બાદ તા. ૨૧–૮–૨૦૦૬ સુધીના સમય માટે તેઓએ નિમણૂંક ઓર્ડર વગર યુનિવર્સિટીમાં બજાવેલ ફરજ માટે હંગામી ધોરણે કરાર આધારિત લેકચરરની જગા પર પ્રતિ માસ રૂા. ૧૪.૦૦૦/–ના ફીકસ્ડ પગારથી મળવા પાત્ર રકમ વિભાગના સેલ્ફ ફાયનાન્સ ફંડ માંથી ચૂકવવા કરેલ વિનંતી પર પુનઃ વિચારણા કરવા બાબત....

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતોમાં આ પ્રકારના લાભો આપવા નહી.

**૧૯.** **Ph.D.Guide** બનવા માટે એમ.સી.આઈ. ની ભલામણ ના અમલ માટે તબીબી વિદ્યાશાખાની તા. ૦૩–૦૧–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૦૫–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૮ અન્વયે સ્વીકારી સુધારેલો ઓર્ડિનન્સ 108 (III) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરતા સિન્ડિકેટે તેની તા. ૨૧–૦૬–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૬ અન્વયે પ્રસ્તુત બાબત પુનઃ એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કર્યા બાદ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા ઠરાવેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.

**તબીબી વિદ્યાશાખાની તા. ૦૩–૦૩–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક – ૧૧**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.સી.આઈ. ની ભલામણ મુજબ પી.જી. ડીગ્રી. મેળવ્યા બાદ ૧૫ વર્ષનો શૈક્ષણિક અને રીસર્ચ અનુભવ જેમાંથી ૧૦ વર્ષનાં પી.જી. ટીચીંગના અનુભવ હોય તેના શિક્ષકોને **Ph.D. Guide** ની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી અને ઓર્ડિનન્સ **108 (III)** નીચે મુજબના સુધારાની એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

**<u>ઓર્ડિનન્સ 108 (III)</u>**

A qualified Post graduate teacher under O.109 (III) may be deem to be recognized as a supervising teacher for research in his / her subject (mentioned in additional registration as certificate by Gujarat Medical Council) provided that he has not less than 15 years of teaching & research experience **<u>and minimum four research paper in Index Journal</u>** in the same subject of the obtained P.G. degree out of which he/she may minimum 10 yrs experience as P.G. teacher.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૬–૦૯–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.સી.આઈ. ની ભલામણ મુજબ પી.જી. ડીગ્રી. મેળવ્યા બાદ ૧૫ વર્ષનો શૈક્ષણિક અને રીસર્ચ અનુભવ જેમાંથી ૧૦ વર્ષનાં પી.જી. ટીચીંગના અનુભવ હોય તેના શિક્ષકોને **Ph.D. Guide** ની માન્યતા આપવા તબીબી વિદ્યાશાખાની ૦૩–૦૩–૦૭ની ભલામણ ક્રમાંક :૧૧ યથાવત સ્વીકારવી તથા ઓર્ડિનન્સ ૧૦૮(૩) નો ઉપરોકત પાઠ સુધારા વધારા સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૦૬–૦૯–૦૭ની સભાની ભલામણ ક્રમાંક : ૫નો સ્વીકાર કરવો.

**૨૦.** સાયન્સ ફેકલ્ટીનાં મેથેમેટીકસ વિષયમાં પીએચ. ડી.નાં માર્ગદર્શક શિક્ષક (સુપરવાઈઝીંગ ટીચર ફોર પીએચ.ડી. ડીગ્રી) તરીકેની માન્યતા આપવા અંગેની ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીકસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી–સુરતના ડો. ડી. સી. જોષીની અરજી સંદર્ભમાં બી.યુ.ટી.ની તા. ૩૦/ ૯/ ૨૦૦૨ની સભાનાં ઠરાવ નં. ૩૧ અન્વયે અરજી પરત્વે નિયમાનુસાર આગળ ઘટતાં પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવેલ હોઈ સદર બાબતે ડો. ડી. સી. જોષીનાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે બે નિર્ણાયકો (ડો. પી. જે. ભટ્ટ–પાટણ અને ડો. વી. ડી. પાઠક–વડોદરા) ના હકારાત્મક અહેવાલ/ રીપોર્ટ પરત્વે બી.યુ.ટી.ની તા.૭–૦૬––૨૦૦૭ની ભલામણ નં. ૩૮ અને એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૬–૨૦૦૭ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૬– ૨૦૦૭ની ભલામણ (ઠરાવ નં. ૪૪)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી. યુ. ટી.ની તા. ૭–૦૬–૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંક : ૩૮ યથાર્થ સ્વીકારવી.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૬–૨૦૦૭ની ભલામણ (ઠરાવ નં. ૪૪) નો સ્વીકાર કરવો.

**૨૧.** બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રીએશનની તા. ૦૭/ ૦૮/ ૨૦૦૭ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૨,૬,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭ અને ૧૮ પર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **પરિશિષ્ટઃ ' ઘ '**માં દર્શાવ્યા મુજબ બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રીએશનની તા. ૦૭/ ૦૮/ ૨૦૦૭ ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૨, ૬, ૧૨, ૧૫, ૧૬,૧૮નો યથાવત સ્વીકાર કરવો ભલામણ ક્રમાંક : ૧૩ અને ૧૭ નામંજૂર કરવી અને ભલામણ ક્રમાંક : ૧૧ ને બી. યુ. ટી. (BUT) માં વિચારણામાં મૂકયા બાદ સિન્ડિકેટમાં મૂકવી ભલામણ ક્રમાંક : ૧૪ ના ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯ ને મંજૂરી આપવી અને ક્રમાંક : ૭ને સૈધ્ધાંતિક મંજૂરી આપવી.

**(પરિશિષ્ટ : ' ઘ ' )**

**૨૨.** ભરૂચ જિલ્લા આદર્શ સેવા મંડળ, માંગરોલ, જિ. નર્મદા સંચાલિત શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન બી.એડ્.નું સને ૨૦૦૬ – ૦૭ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ અંગે નવા જોડાણ અંગેના વિવાદ/ મતભેદ થતાં સદરહું ટ્રસ્ટ દ્વારા નામદાર હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લીકેશન નં. 9483/ 2006 દાખલ કરી હતી. પ્રસ્તુત બાબતે નામદાર હાઈકોર્ટના તા. 6-6-06ના રોજ અરજદારની તરફેણમાં ઓર્ડર/ હુકમ થયેલ છે. સદરહું બાબતે યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની સભા તા. ૩૦–૫–૦૭નાં ઠરાવ ક્રમાંક ૧૨ અન્વયે ઠરાવેલ છે કે, નામદાર હાઈકોર્ટના પ્રસ્તુત હુકમ સામે ડિવિઝન બેંચમાં અપીલ કરવી. જે અંગે નામદાર હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવા અંગે યુનિ.ના એડવોકેટશ્રી ધવલભાઈ સી. દવે તરફથી આ સાથે સામેલ તા. 5-9-2007ના પત્ર દ્વારા આપેલ જવાબ (અભિપ્રાય) અંગે વિચારણા કરવા બાબત.

(લીગલ સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ધવલભાઈદવેના પત્રની નોંધ લેવી અને નિયમોનુસાર વિદ્યાર્થીઓને ફી પરત કરવી.

**(પરિશિષ્ટ : ' ચ ' )**

**૨૩.** આગામી ૩૯, ૪૦ અને ૪૧ માં પદવીદાન સમારંભમાં એનાયત કરવા માટેના પદવી પ્રમાણપત્રો તથા પદવી પ્રમાણપત્રોના કવરોનું છાપકામ અંગે કરાવવા અંગે નાણાં સમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૬ થી ઠરાવ્યા મુજબ સૂર્યા ઓફસેટે રૂા. ૨૪–૫૦ ના ભાવથી પદવી પ્રમાણપત્રો તથા પદવી પ્રમાણપત્રોના કવરોનું છાપકામ કરવા લેખિતમાં સંમતિ દર્શાવતાં સૂર્યા ઓફસેટ પાસે છાપકામ કરાવવાની મંજૂરી આપવા માટે સિન્ડિકેટમાં વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૬ નો યથાવત સ્વીકાર કરવો અને આગામી ૩૯, ૪૦ અને ૪૧ માં પદવીદાન સમારંભમાં એનાયત કરવા માટેના પદવી પ્રમાણપત્રો તથા પદવી પ્રમાણપત્રોના કવરોનું છાપકામ કરાવવા અંગેની સૂર્યા ઓફસેટને મંજૂરી આપવી.

**૨૪.** કુ. ભૂમિકા કલાર્કને સ્ટેટીસ્ટીક્સ વિભાગમાં ગેસ્ટ ફેકલ્ટી/લેકચરર તરીકે સિન્ડિકેટના તા. ૨૭–૧–૨૦૦૫નાં ઠરાવ ક્રમાંક : ૮ મુજબ તથા પત્ર ક્રમાંક : **Gen/Estt/Guest/T/9449/ 06, Date : 12/09/2006** મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૨૦૦૭ માટે નિમણૂંક આપવામાં આવી હતી. સ્ટેટીસ્ટીક્સ વિભાગના વડાશ્રીના પત્ર ક્રમાંક : **Stat/Account/2766, Date : 03/05/2007** તથા પત્ર ક્રમાંક : **Stat/Account/3105, Date : 19/05/2007** મુજબ કુ. ભૂમિકા કલાર્કે ૨ માસ માટે એડમીનીસ્ટ્રેટીવ, પરીક્ષાને લગતી તથા આવનાર શૈક્ષણિક વર્ષની તૈયારી કરવાની કરેલ કામગીરી બદલ ૨ માસનો રૂા. ૨૦,૦૦૦/– નો પગાર ચૂકવવા અંગે માંગણી કરી હતી. સિન્ડિકેટના તા. ૨૭–૧–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ ૮ મુજબ ગેસ્ટ ફેકલ્ટી/લેકચરરને રૂા. ૧૦,૦૦૦/– પ્રતિ માસ પગાર ચુકવવા અંગે ઠરાવવામાં આવેલ છે.

તેથી કુ. ભૂમિકા કલાર્કને વધુ ૨ માસ માટે વહીવટી કામગીરી માટે નિમણૂંક આપવા અંગે જરૂરી વિચારણા કરવા બાબત……

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુ. ભૂમિકા કર્લાકને કરેલ કામગીરી માટે નિયમોનુસાર ચુકવણું કરવાની મંજૂરી આપવામાં આવે છે.

**૨૫.** યુનિવર્સિટીઓની ખાલી પડેલી કાયમી જગ્યાઓની મંજૂરી શિક્ષણ વિભાગ દ્વારા મળતાં જૂન–૨૦૦૬ થી વહીવટી કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવી છે. જે ફીક્ષ પગારથી શરતો અને બોલીઓ મુજબ નિમણૂંક કરી છે. તેના પગારનો ખર્ચ રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટમાંથી પડે છે.

**GCSR**ની જોગવાઈ મુજબ વહીવટી કર્મચારીઓને મળવાપાત્ર રજાઓમાં હક્ક રજા, માંદગીની રજા અને આકસ્મિક રજા એ રીતે રજાઓ મળે છે. જેમાં વળતર રજાઓ સમાવેશ થતો નથી. વળતર રજા એ જાહેર રજાના દિવસોમાં કર્મચારી હાજર રહીને પ્રાપ્ત કરે છે તેથી સદર કર્મચારીઓ સાથે યુનિવર્સિટીએ કરેલ કરારની શરત નં. ૧૦ માં વળતર રજાનો સમાવેશ થતો નથી. તેથી જાહેર રજાના દિવસે સદર કર્મચારીઓ ફરજ બજાવે તો **GCSR**ની જોગવાઈ મુજબ સરકારશ્રીની મંજુરીથી ૫ વર્ષના કરાર આધારિત નિમણુંક પામેલ તમામ વહીવટી કર્મચારીઓને વળતર રજા મળી શકે.

ઉપર મુજબની તમામ બાબતોને ધ્યાને લઈ ૫ વર્ષના કરાર આધારિત રૂા. ૨,૫૦૦ /– અને રૂા. ૪,૫૦૦/– ના ફીક્ષ પગારથી નિમણુંક પામેલ તમામ વહીવટી કર્મચારીઓને જાહેર રજાના દિવસે યુનિવર્સિટી દ્વારા ફરજ પર બોલાવવામાં આવે ત્યારે વળતર રજા મળી શકે. પરંતુ સિન્ડિકેટની તા. ૪–૧–૨૦૦૭ની સભાના ઠરાવ નં.૨૦ (રૂા. ૨,૫૦૦/– ફીક્ષ) અને સિન્ડિકેટની તા. ૩૦–૫–૨૦૦૭ની સભાના ઠરાવ નં. ૧૧૦ (રૂા. ૪,૫૦૦/– ફીક્ષ) થી ૪ કલાકના રૂા. ૫૦/–, ૬ કલાકના રૂા. ૭૫/– અને ૮ કલાકના રૂા. ૧૦૦/– ચુકવવા અંગે કરેલ ઠરાવ રદ્દ કરવાનો થાય તથા વળતર રજા આપવાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત....

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીની મંજુરીથી ૫ વર્ષના કરાર આધારિત રૂા. ૨,૫૦૦/– અને રૂા. ૪,૫૦૦/– ના ફીક્ષ પગારથી નિમણુંક પામેલ તમામ વહીવટી કર્મચારીઓને રજાના દિવસે ફરજ પર બોલાવવામાં આવે ત્યારે ૪ કલાકની અડધી(૧/૨) અને ૬ કલાકની આખી (૧ દિવસની) અવેજી (વળતર) રજા નિયમોનુસાર આપવી.

**૨૬.** બાયોસાયન્સ વિભાગ તથા એમ.એસસી. બાયોટેકનોલોજી (પાંચ વર્ષીય કોર્ષ) વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમીકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન–સામગ્રી સને ૨૦૦૮–૨૦૦૯ (સપ્ટેમ્બર) સુધી ખરીદવા અંગે નાણાંસમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩ થી ઠરાવ્યા મુજબ સિન્ડિકેટમાં વિચારણા કરી મંજૂર કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ વિભાગ તથા એમ.એસસી. બાયોટેકનોલોજી (પાંચ વર્ષીય કોર્ષ) વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમીકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન–સામગ્રી સને ૨૦૦૮–૨૦૦૯ (સપ્ટેમ્બર) સુધી ખરીદવા અંગે નાણાંસમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩ થી કરેલ ભલામણનો સ્વીકાર કરવો.

**૨૭.** બાયોસાયન્સ વિભાગના બાયોટેક અભ્યાસક્રમ માટે વૈજ્ઞાનિક સાધન **GEL DOCMUNETATION SYSTEM U.K.** ની પાર્ટી **M/S SYNOPTIC LTD.** પાસેથી તેના ભારતીય એજન્ટ **M/S BIO DIGITAL LTD. DELHI** મારફત પાઉન્ડ ૫,૭૫૦/– (પાંચ હજાર સાતસો પચાસ **CIF MUMBAI** ) રૂા.૪,૭૧,૫૦૦/– બેઝીક કિંમત તથા કસ્ટમ ડ્યુટી નિયમાનુસાર, કસ્ટમ કલીયરન્સ ચાર્જીસ મળી કુલ અંદાજીત ખર્ચ રૂા.૫,૫૦,૦૦૦/– ની કિંમતે ઈમ્પોર્ટ કરવા અંગે નાણાં સમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨થી ઠરાવ્યા મુજબ સિન્ડિકેટમાં વિચારણા કરી મંજૂર કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ વિભાગના બાયોટેક અભ્યાસક્રમ માટે વૈજ્ઞાનિક સાધન **GEL DOCMUNETATION SYSTEM U.K.** ની પાર્ટી **M/S SYNOPTIC LTD.** પાસેથી તેના ભારતીય એજન્ટ **M/S BIO DIGITAL LTD. DELHI** મારફત પાઉન્ડ ૫,૭૫૦/– (પાંચ હજાર સાતસો પચાસ **CIF MUMBAI** ) રૂા.૪,૭૧,૫૦૦/– બેઝીક કિંમત તથા કસ્ટમ ડ્યુટી નિયમાનુસાર, કસ્ટમ કલીયરન્સ ચાર્જીસ મળી કુલ અંદાજીત ખર્ચ રૂા.૫,૫૦,૦૦૦/– ની કિંમતે ઈમ્પોર્ટ કરવા અંગે નાણાં સમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરવો.

**૨૮.** ઓકટોબર–૨૦૦૭ તથા એપ્રિલ/ મે –૨૦૦૮ માટે પરીક્ષાઓની બારકોડ સહિત ઉત્તરવહીઓના છાપકામ કરાવવા અંગે નાણાં સમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪ થી ઠરાવ્યા મુજબ સિન્ડિકેટમાં વિચારણા કરી મંજૂર કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઓકટોબર–૨૦૦૭ તથા એપ્રિલ/ મે –૨૦૦૮ માટે પરીક્ષાઓની બારકોડ સહિત ઉત્તરવહીઓના છાપકામ કરાવવા અંગે નાણાં સમિતિની તા. ૧૩–૯–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪થી કરેલ ભલામણનો સ્વીકાર કરવો.

**૨૯.** એકવેટીક બાયોલોજી વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમીકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન–સામગ્રી (ઈકવીપમેન્ટ)નું સને ૨૦૦૭ (ઓકટોબર) થી ૨૦૦૮ (સપ્ટેમ્બર) સુધી ખરીદવા અંગે નાણાં સમિતિની તા.૧૩– ૯ – ૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ થી ઠરાવ્યા મુજબ સિન્ડિકેટમાં વિચારણા કરી મંજૂર કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકવેટીક બાયોલોજી વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમીકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન–સામગ્રી (ઈકવીપમેન્ટ)નું સને ૨૦૦૭ (ઓકટોબર) થી ૨૦૦૮ (સપ્ટેમ્બર) સુધી ખરીદવા અંગે નાણાં સમિતિની તા.૧૩– ૯ – ૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ થી કરેલ ભલામણનો સ્વીકાર કરવો.

**૩૦.** યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ન્યુ દિલ્હીના ડેપ્યુટી સેક્રેટરીના તા. ૮–૫–૨૦૦૭ના પત્રાંકઃ એફ–૭–૪/૦૬ (એસસીટી) દ્વારા મળેલ રિઝર્વેશનની નવી ગાઈડ લાઈનમાં જણાવ્યાં મુજબ દરેક કોલમોની વિસ્તૃત વિચારણા કરવા બાબત.

(એસસી/એસટી.સેલ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુ.જી. સી.ના પત્રમાં જણાવેલ ગાઈડ લાઈન્સમાં જણાવ્યાંનુસાર શૈક્ષણિક જગાઓ પર અનામત નિતિનો અમલ માટે રાજય સરકારશ્રીને પુછાવીએ.

**૩૧.** યુ.જી.સી. હસ્તકની યુનિવર્સિટીઓ, ડીમ્ડ યુનિવર્સિટીઓની કોલેજો અને અધર ગ્રાન્ટ–ઈન–એઈડ ઈન્સ્ટીટયૂશનનો અને સેન્ટરોમાં અનામત નિતિનો ચૂસ્તપણે અમલ કરવા અંગે યુ.જી.સી.ના પત્રક્રમાંકઃ એફ–૧–૫/૨૦૦૬ (એસસીટી), તા. ૨૫–૮–૨૦૦૬ થી એસ.સી./એસ.ટી. અનામત અમલીકરણ કરવા અંગે તેમજ રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ દગય–૧૩૦૭–૧૭૪૧–ખ, તા. ૧૪–૮–૨૦૦૭ અને સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ કવટ/વ.૧.(૧)/ યુનિ/૦૭–૦૮૧૨૦૩૭–૪૪, તા. ૪–૮–૨૦૦૭ના સંદર્ભમાં એસ.સી./ એસ.ટી. અનામત અમલીકરણ કરવા નવી ગાઈડ લાઈન્સમાં જણાવ્યાનુસાર શૈક્ષણિક તમામ જગાઓ એટલે કે, પ્રોફેસર, રીડર અને લેકચરરની જગાઓ પર અનામત નિતિનો ચુસ્તપણે અમલ કરવા કરેલ ઠરાવ અંતર્ગત આપણી યુનિવર્સિટીમાં તેનો અમલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી.ના પત્ર ક્રમાંકઃ એફ–૧–૫/ ૨૦૦૬ (એસસીટી), તા. ૨૫–૮–૨૦૦૬થી જણાવેલ ગાઈડ લાઈન્સમાં જણાવ્યાનુંસાર શૈક્ષણિક જગાઓ એટલેકે પ્રોફેસર, રીડર અને લેકચરરની જગાઓ પર અનામત નિતિનો અમલ માટે રાજય સરકારશ્રીને પુછાવીએ.

**૩૨.** સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ દ્વારા ડેડીયાપાડા (જિ.નર્મદા) મુકામે સૂચિત નવી સરકારી વિનયન કોલેજની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટે વિનયન અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૬–૦૯–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૬) અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૬–૯–૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંકઃ (૨૬)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ દ્વારા ડેડીયાપાડા (જિ.નર્મદા) મુકામે સૂચિત નવી સરકારી વિનયન કોલેજની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટે વિનયન અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવેલ નીચેની શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટે વિનયન અભ્યાસક્રમનું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**શરતોઃ**

(૧) ડેડિયાપાડા ખાતે કોલેજનું મકાન મેળવી સપ્ટેમ્બર ૧લી થી કોલેજ શરૂ કરવામાં આવે.

(૨) યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓની નિમણૂક તાત્કાલિક કરવામાં આવે.

(૩) જરૂરી ફેકલ્ટીની નિમણૂક તાત્કાલિક કરવામાં આવે.

(૪) લાયબ્રેરી માટે રૂા. ૧૦,૦૦૦/– ના પુસ્તક ખરીદવામાં આવે.

(૫) સંસ્થા યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૬–૯–૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંક : (૨૬)નો સ્વીકાર કરવો.

## માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**૩૩.** યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં શિક્ષકોની જરૂરીયાત સંદર્ભમાં ગેસ્ટ ફેકલ્ટી/ ગેસ્ટ લેકચરરની નિમણૂંક કરવા અંગે લોકલ વર્તમાન પત્રમાં જાહેરાત આપી ઉમેદવારો પાસે અરજી મંગાવી પસંદગી સમિતિ બોલાવી પસંદગી પામેલ ઉમેદવારોને નિમણુંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, જે સબબ માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

**૩૪.** ગુજરાત રાજય સરકારશ્રીનાં નાંણા વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/ ૧૦૨૦૦૭/ ૬૧૫/ મ, તા.૨–૭–૨૦૦૭ અન્વયે રાજય સરકારના કર્મચારીઓ માટે બઢતીનો અભાવ અને મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા જે કર્મચારીઓ એક જ કેડરમાં અને પગાર ધોરણમાં સતત ૧૨ અને ૨૪ વર્ષની નોકરી કરી હોય અને બઢતીની તકો પ્રાપ્ત થઈ ન હોય તેવા તમામ વહીવટી કર્મચારીઓને તેમની પોસ્ટની અનુક્રમે ૧૨ અને ૨૪ વર્ષ પ્રથમ અને દ્વિતીય પ્રમોશનલ પોસ્ટનુ પગાર ધોરણ સરકારશ્રીના નાણાં વિભાગના સદર ઠરાવ અનુસાર યુનિવર્સિટી કર્મચારીઓને લાભ આપવા અંગે મા.કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

**૩૫.** પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૪–૮–૨૦૦૭ની મળેલ સભાની ભલામણ નં.૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ઉપર વિચારણા કરવા બાબત.

તા. ૨૪–૮–૨૦૦૭ પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની ભલામણ સામેલ છે.

**ભલામણો પૈકી ભલામણ ક્રમાંક (૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦) નીચે પ્રમાણે છે.**

૩. કેમ્પસ ખાતે કન્ડીશનીંગ હોલના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતે કન્ડીશનીગ હોલના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ રૂા.૧૪,૪૭,૧૨૫/– પર ૧.૨૫% ભાવ ઘટાડવા સંમત થયા હોઈ તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે જેનો ખર્ચ સ્પોર્ટસ ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

૪. કેમ્પસ ખાતે એચ.આર.ડી. ભવનના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતે એચ.આર.ડી. ભવનના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડર પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ રૂા.૨૬,૭૯,૧૯૫.૦૦ પર ૧.૨૫% ભાવ ઘટાડવા સંમત થાય હોઈ તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટ ને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ એચ.આર.ડી. ના સ્વનિર્ભર ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

૫. કેમ્પસ ખાતે ગેસ્ટહાઉસના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણ કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે ગેસ્ટહાઉસના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પૈકી મે.બાલાજી બિલ્ડકોન,સુરત નું રૂા. ૧૧,૯૮,૨૭૫.૦૦ના ટેન્ડરમાં તેઓ ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ હેઠળ ફાળવાશે.

૬. કેમ્પસ ખાતે યુસીક બિલ્ડીગના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો અંગે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે યુસીક બિલ્ડીગના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ **રૂા.૮,૫૭,૬૦૬.૯૦.૦૦**ના ટેન્ડરમાં તેઓ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ, તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ જનરલ ફંડ મકાન મરામત નિભાવ હેઠળ ફાળવાશે.

૭. કેમ્પસ ખાતે ગેસ્ટહાઉસના રીપર કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે ગેસ્ટહાઉસના રીપેર કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ **રૂા.૦૯,૬૧,૫૦૫.૦૦**ના ટેન્ડરમાં તેઓ ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ, તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ જનરલ ફંડ મકાન મરામત નિભાવ હેઠળ ફાળવાશે.

૮. કેમ્પસ ખાતે કેમેસ્ટ્રી બિલ્ડીગમાં ટોયલેટ બ્લોક બનાવવા અંગે મળેલ ટેન્ડરો પર વિચારણ કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે કેમેસ્ટ્રીબિલ્ડીગમાં ટોયલેટ બ્લોક બનાવવા અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ રૂા.૭,૫૨,૫૧૪.૪૨ ના ટેન્ડરમાં તેઓ ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ, તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ કેમેસ્ટ્રી વિભાગના સ્વનિર્ભર ફંડ હેઠળ ફાળવાશે.

૯. કેમ્પસ ખાતે નવી ગર્લ્સ હોસ્ટેલના એપ્રોચરોડ બનાવવા અંગેના ટેન્ડર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે નવી ગર્લ્સ હોસ્ટલના એપ્રોચરોડ બનાવવા અંગે મળેલા ટેન્ડરો પૈકી મે. પટેલ એન્ડ કંપની, સુરતનું રૂા. ૬,૨૦,૧૬૩.૦૦ નું ટેન્ડર સ્વીકારી કામગીરી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

૧૦. કેમ્પસ ખાતે પીળીમાટી સપ્લાય કરી પ્લેગ્રાઉન્ડ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડર ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતે પીળી માટે સપ્લાય કરી પ્લેગ્રાઉન્ડ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડરો પૈકી મે. એ.એ. બામરોલીયા, સુરતનું **રૂા. ૨૯,૯૯,૪૦૦.૦૦** નું સ્વીકારી મંજૂર કરવું અને કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ સ્પોર્ટસ ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૩૬.** શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ માટે એમ. ફીલ./ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૪/ ૦૧/ ૨૦૦૭નાં ઠરાવ નં. ૨૫ અન્વયે નીમેલી સમિતિની તા. ૧૧/ ૦૯/ ૨૦૦૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક )

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૩૭.** શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૪/ ૦૧/ ૨૦૦૭નાં ઠરાવ નં. ૨૩ અન્વયે નીમેલી સમિતિની તા.૧૧/૦૯/૨૦૦૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક )

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૩૮.** યુનિવર્સિટી સંલગ્ન કીમ એજ્યુકેશન સોસાયટી, કીમ સંચાલિત શ્રી પુરુષોત્તમભાઈ હરિભાઈ ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સના વ્યાખ્યાતાઓની (અધ્યાપક) પસંદગી સમિતિ તા. ૧–૭–૨૦૦૭ના રોજ મળી હતી, જેમાં સંસ્થાના વિષય નિષ્ણાંત કોઈ હાજર ન હતા. જે બાબતે સંસ્થાના સહમંત્રીશ્રીએ તા. ૨૨–૯–૨૦૦૭ના પત્ર ક્રમાંકઃ ૭૦ થી યુનિવર્સિટી કાયદાની અજ્ઞાનતાને કારણે ઉપસ્થિત રાખી શકયા ન હતા. જે ભુલ તેમણે સ્વીકારી છે. જે ભુલને માફ કરી હવે પછી મંડળ તરફથી આવી નિયમોની તથા કાયદાઓની અજ્ઞાનતાથી કોઈ ભૂલ થશે નહિ એવી ખાત્રી આપી છે. (પત્રની નકલ સામેલ છે.) તો પ્રસ્તુત પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાએ ફરી જાહેરાત ન આપવી પરંતુ ફરી ઈન્ટરવ્યુંની સમગ્ર પ્રક્રિયા/ કાર્યવાહી કરવી ઉપરાંત રાણા અમીબેન જયેશભાઈએ કરેલ ફરીયાદને ધ્યાને લેવા સંસ્થાને જણાવવું.

**૩૯.** **AICTE** ના નવા નોર્મ્સ પ્રમાણે એમ. સી. એ.ના લેકચરર બનવા માટે **First Class B.E/ B.Tech. in Computer Science/ Information Technology/ Engineering Technology with GATE Qualification of minimum 80% percentile score** જરૂરી છે. આ સંજોગોમાં કોલેજોમાં લેકચરરની ભરતી શકય બનશે નહી. તેને ધ્યાને લેતા **AICTE** ના નવા નોર્મ્સ અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૪૦.** વિદ્યામંદિર સોસાયટી, સુરત સંચાલિત ઝેડ.એફ.વાડિયા વુમેન્સ કોલેજ એન્ડ એન.કે જહોટા કોલેજ ઓફ કોમર્સનાં આચાર્યશ્રીએ તેમના તા. ૨૧/૨૨–૯–૨૦૦૭નાં પત્રાંક : ડીપ્લોમાં /૨૦૦૭–૦૮/ ૪૦૬ થી, સંસ્થાને સ્વનિર્ભ ડપ્લોમાં ઈન ફાયનાન્સીયલ મેનેજમેન્ટનો ૧ વર્ષની મુદતનો નવો અભ્યાસ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૦૮થી શરૂ કરવાની મંજુરી સાથે ભલામણ કરવામાં આવી છે વાણિજય વિદ્યાશાખા અંતર્ગત આ નવો અભ્યાસ ખંડ સમય (દરરોજ બે કલાક) માટેનો એક વર્ષિય અભ્યાસક્રમ હોઈ, નવી વિદ્યાશાખા /કોલેજ શરૂ કરતા નથી. તેથી ફિકસ ડિપોઝીટ જમા કરાવવાની થતી નથી. એમ જણાવ્યું છે. તે પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાએ કરેલ ઉપરોકત વિનંતી ગ્રાહ્ય રાખવી અને પ્રસ્તુત કિસ્સામાં રૂા. ૬ લાખની ડીપોઝીટ મુકવાનો આગ્રહ રાખવો નહી.

**૪૧.** સને ૧૯૯૨–૯૩ના વર્ષના નિરંતરશિક્ષણ અને વિસ્તરણ કાર્ય અંગેની રૂા. ૧૦,૦૦૦/– ની ગ્રાંટ લીગલ લીર્ટસી કેમ્પના હેતુ માટે ભરૂચ અને સુરત જિલ્લાઓમાં વર્કશોપ યોજવા માટે મળેલ હતી જેના હિસાબો નિરંતર શિક્ષણે આજ દિન સુધી અનેક પ્રયત્નો છતાં રજૂ કર્યા ન હતા. આ અંગે સિન્ડિકેટની તા. ૮–૦૯–૦૬ની બાબત : ૬૪ થી ૩ સભ્યોની એક તપાસ સમીતી રચવામાં આવી હતી. આ તપાસ સમિતિએ બેન્ક સ્ટેટમેન્ટ મંગાવી ખર્ચાની માહિતી ભેગી કરવા જણાવેલ જે બાબતમાં બેંકને પત્ર લખતા બેંકના નિયમ મુજબ ૯ (નવ) વર્ષથી વધારાનો રેર્કડ ડીસ્ટ્રોય કર્યો હોવાથી બેંક દ્વારા માહિતી મળી શકી નથી રાજય સરકાર તથા યુજીસીએ નાણાંકીય જવાબદારી ન લેતાં સદર વિભાગ બંધ કરવામાં આવેલ નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં. **F.No. 8 (70) /92-CILAS /NALSA /2807** તા.૨૦–૦૮–૨૦૦૭ થી રૂા. ૧૦,૦૦૦/– પરત મોકલવા અથવા હિસાબ મોકલવા જણાવતાં યુનિવર્સિટીના " સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ " માંથી **" National Legal Services Authority"** ને રૂા. ૧૦,૦૦૦/– નો ડીડી મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

::	આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૪૨.** વિવિધ વિદ્યાશાખાઓ હેઠળના જુદા જુદા વિષયોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા એકેડેમિક કાઉન્સિલએ તેની તા. ૦૫–૦૫–૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ અન્વયે સિન્ડકેટને કરેલ ભલામણનો અમલ કરવા અંગે વહીવટી દ્રષ્ટિએ ઘણી મુશ્કેલીઓ સર્જાતી હોઈ છે પ્રતિવર્ષ લેવાતી ૪૦૦ જેટલી પરીક્ષાઓ કુલ્લ ૨૪૦૦ વિષયો આવરી લે છે. આ બધાનું રેન્ક લીસ્ટ અને સર્ટીફીકેટો આપવા અને સમય મર્યાદામાં યથાર્થ પરીપાલન કરતાં સમયનું બંધન રહે છે. પ્રસ્તુત સમય દરમ્યાન જ પદવી દાન સમારંભોની તારીખો પણ આવતી હોય છે. આ બાબતે સરકારશ્રીના તા. ૧૫–૦૭–૦૬ના પત્રમાં પણ માત્ર ડિગ્રી પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને જ સરકારશ્રીએ નક્કી કરેલ ગુણાંકન પધ્ધતિમાં મળવા પાત્ર લાભ આપવા જણાવેલ છે. આ સમગ્ર હકીકત ધ્યાને લઈ એકેડેમિક કાઉન્સિલના તા. ૦૫–૦૫–૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૧૦–૦૭ની સભાની ભલામણ ક્રમાંક : (૪) પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૦૫– ૨૦૦૭ની ભલામણ ક્રમાંક – ૬૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક વિદ્યાશાખામાં વિષયવાર પ્રથમ ક્રમાંક આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલનો સૂચિત ઠરાવનો પાઠ</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક વિદ્યાશાખાની ડિગ્રી પરીક્ષામાં વિષયવાર પ્રથમ આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા સિન્ડિકેટને ભલામણ .

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૧૦– ૨૦૦૭ની ભલામણ ક્રમાંક – ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક વિદ્યાશાખાની ડિગ્રી પરીક્ષામાં વિષયવાર પ્રથમ આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા અંગેનો ઉપરોકત સૂચિત પાઠ સ્વીકારવામાં આવે છે અને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૪૩.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે નવેમ્બર – ૨૦૦૭ દરમ્યાન વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ટેબલ–ટેનીસ ભાઈઓ–બહેનોની સ્પર્ધા યોજાનાર છે તેનું બજેટ આ સાથે સામેલ છે. તેની ઉપર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે નવેમ્બર – ૨૦૦૭ દરમ્યાન વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ટેબલ–ટેનીસ ભાઈઓ–બહેનોની સ્પર્ધા યોજાનાર છે તેનું બજેટ **પરિશિષ્ટ–' છ '** માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.

**(પરિશિષ્ટ : ' છ ' )**

**૪૪.** પરીક્ષા આચાર સમિતિની તા. ૨૧–૯–૨૦૦૭ અને તા. ૨૯–૯–૨૦૦૭ની નિદોર્ષ અંગેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **પરીશિષ્ટઃ ' જ '**માં દર્શાવેલ પરીક્ષા આચાર સમિતિની તા.૨૧– ૯ – ૨૦૦૭ સભા ની બાબત ક્રમાંક : ૦૨ (ક) માં દર્શાવેલ એફ. વાય. બી. એ. પરીક્ષાના બેઠક ક્રમાંક : ૦૧૦૧૪૫ વાળા પરીક્ષાર્થીનું પરિણામ રદ કરવું અને પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯ –૯ – ૨૦૦૭ સભાની બાબત ક્રમાંક : ૦૨ ક્રમ નં. ૭૪ માં દર્શાવેલ એમ. એ. પાર્ટ – ૧ પરીક્ષાના બેઠક ક્રમાંક : ૦૩૯૭૨ વાળા પરીક્ષાર્થીને ૬ (છ) માસની સજા કરવી.

**(પરિશિષ્ટઃ ' જ '**

**)**

## માનનીય કુલપતિશ્રીનાં પગલાની નોંધ લેવા બાબત.

**૪૫.** જુદા જુદા વિષય/ ફેકલ્ટી હેઠળ એમ. ફિલ. અને પીએચડી. પદવી માટે સંશોધન કરનાર વિદ્યાર્થીઓના પરિણામ **(By Result Notification)** જાહેર કરવા સિન્ડિકેટના તા. ૧૫–૦૬–૧૯૯૮ના ઠરાવ નં. : ૩ અન્વયે કુલપતિશ્રીને સત્તા આપેલ હોય, તે મુજબ તા. ૧–૦૪–૨૦૦૬ થી તા. ૩૧–૦૩–૨૦૦૭ના સમયગાળા દરમ્યાન આ સાથે બિડેલ યાદી મુજબના જે તે સંબંધકર્તા વિદ્યાર્થીઓના પરિણામ જાહેર કરવાના કુલપતિશ્રીનાં પગલાની નોંધ/ જાણમાં લેવા બાબત.

(અનુસ્નાતક )

:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.**

**૪૬.** પરીક્ષા આચાર સમિતિની તા. ૭–૯–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.......

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૭–૯–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ– ' ઝ '** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ' ઝ ' )**

**૪૭.** યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામો તૈયાર કરતી વખતે સ્ક્રેનિંગની પ્રક્રિયા તથા ડેટા બેઝ તૈયાર કરવાની પ્રક્રિયા માટે જે કૃષ્ણા સાફટ ટેક, અમદાવાદ પાર્ટીને માનનીય કુલપતિશ્રી ઓકટોબર ૨૦૦૭ની પરીક્ષા માટે રીપીટ ઓર્ડર આપેલ છે તે પાર્ટીને અગાઉ સર્વિસ ટેક્ષની જોગવાઈ ન હોવાને કારણે ચુકવવામાં આવતો ન હતો. પ્રસ્તુત પાર્ટીએ આ સર્વિસ ટેક્ષ સરકારને ચુકવવાનો હોય યુનિવર્સિટી પાસે માંગણી કરી છે. કુલ મળીને કામ આશરે રૂ. ૨,૫૦, ૦૦૦/– (ઓકટોબર પરીક્ષા) થાય છે. તો પ્રસ્તુત પાર્ટીને સર્વિસ ટેક્ષ ચુકવવા માટની મંજૂરી આપવા માટે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત કૃષ્ણા સાફટ ટેક, અમદાવાદ પાર્ટીને સર્વિસ ટેક્ષ નિયમાનુસાર ચૂકવવાની મંજૂરી આપવામાં આવે છે.

**૪૮.** વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટીની કોલેજોમાં વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા ૧૧૦ પ્રમાણે ઘણી કાર્યભાર ગણવા અંગેની વિનંતી કરતા વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી એરિયા કોલેજ પ્રિન્સિપાલ'સ એસોશિયેશનનાં સેક્રેટરી શ્રી ડૉ. યુ. ટી. દેસાઈનાં તારીખ વગરનાં પત્ર પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૧૦–૦૭ની ભલામણ ક્રમાંક : ૪૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે સંબધિત ઓર્ડિનન્સનો ઉલ્લેખ કરી એનવાયરમેન્ટલ સાયન્સ, ઈન્ટર ડિસ્પલીનરી વિષયનાં પિરીયડ પણ ગણતરીમાં લેવા જોઈએ અને વિદ્યાર્થીની વર્ગદીઠ સંખ્યા ૦.૬૭ (૫)ની જોગવાઈ પ્રમાણે ૧૦૦ + ૧૦ રાખવી અને આ જોગવાઈનો ચૂસ્તપણે અમલ કરવો.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૧૦–૦૭ની ભલામણ ક્રમાંક : ૪૨નો સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ બાબતની રજુઆત રાજય સરકારને કરવી.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત

ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૧૪૬૭૭ / ૨૦૦૭.  **ઈ.ચા. કુલસચિવ**

તા. ૭–૧૨– ૨૦૦૭.

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.....